# પ્રકરણ:૮

# ઉમરાવજાન અદાઃ ઉર્દૂ નવલકથામાં નારી છબીનો અભ્યાસ

# પ્રકરણઃ૮ ઉમરાવજાન અદાઃ ઉર્દૂ નવલકથામાં નારી છબીનો અભ્યાસ

મિર્ઝા મોહમ્મદ હાદી 'ઉમરાવજાન અદા' નવલકથાના સર્જક છે. આ ઉર્દુ નવલકથા સૌપ્રથમ ઇ.સ. ૧૮૯૯ માં પ્રકાશિત થઈ. નવલકથાનું સ્વરૂપ આત્મકથાના મુસાદ્દા (memoir) રૂપે લખાયેલ છે. મિર્ઝા મોહમ્મદ હાદીને 'મિર્ઝા રુસ્વા'ના તખલ્લુસ દ્વારા પણ ઓળખવામાં આવે છે. જે નવલકથામાં એક પાત્ર તરીકે પણ આવે છે. 'ઉમરાવજાન અદા' નવલકથાનો ગુજરાતીમાં એમ.જી. કુરેશી દ્વારા અનુવાદ થયો છે. જે ઈ.સ. ૧૯૭૯માં પ્રકાશિત થઈ.

મિર્ઝા રુસ્વાનો જન્મ ઈ.સ. ૧૮૫૭ની આસપાસ લખનૌમાં થયો. તેઓ રશીદ મિર્ઝા ઊર્ફે 'ઓઝ'ના શિષ્ય હતા. શાયરીમાં તેઓનું તખલ્લુસ 'મિર્ઝા' છે. ૨૧ ઓક્ટોબર, ૧૯૩૧ ના રોજ તેમનો દેહાંત થયો. મિર્ઝા રુસ્વાએ વગેરે 'શરીફઝાદા', 'ઝાતે શરીફ', 'ઉમરાવજાન અદા', 'ઈશફાર રાઝ', 'નાલ એ રુસ્વા' વગેરે નવલકથાઓનું સર્જન કર્યું. આ ઉપરાંત, તેઓએ 'લૈલા-મજનૂ' નાટક, 'લઝઝતે ફન' તેમજ 'ઉમીદો બીમ' નામની મસનવીઓનું સર્જન કર્યું છે. તે સમયનાં સામયિકોમાં તેમની કેટલીક ગઝલો અને કસીદાઓ પ્રસિદ્ધ હતા. અન્ય સમીક્ષાત્મક લખાણોમાં તેઓએ પત્રોનું ખેડાણ કર્યું છે. તેમજ તત્વજ્ઞાનને લાગતાં કેટલાંક ભાષાંતરો અને કેટલીક જાસૂસી નવલકથાઓનો પણ તેમનાં સર્જનકાર્યમાં સમાવેશ થાય છે.

'ઉમરાવજાન અદા' નવલકથાને લઈને બે માન્યતાઓ પ્રવર્તે છેઃ (૧) 'ઉમરાવજાન અદા'માં નિરૂપિત ઉમરાવજાન અને મિર્ઝા રુસ્વાનું પાત્ર એ મોહમ્મદ હાદીની કલ્પનાનાં પાત્રો છે. (૨) 'ઉમરાવજાન અદા' માં નિરૂપિત ઉમરાવજાન અને મિર્ઝા રુસ્વા તેમજ ફઝલઅલી જેવા પાત્રોએ હકીકતમાં લખનૌમાં થઈ ગયેલાં પાત્રો છે. જેમને ધ્યાનમાં લઈને આ નવલકથાનું સર્જન કરવામાં આવ્યું છે.

'ઉમરાવજાન અદા' નવલકથા આત્મકથાના મુસાદ્દા (memoir) સ્વરૂપે લખાઈ હોવાથી ઉમરાવજાનના મુખે પ્રથમ પુરુષ કથનકેન્દ્રમાં લખાયેલી છે. મિર્ઝા રુસ્વા અને મુનશી અહમદના આગ્રહને કારણે ઉમરાવજાન દ્વારા આ કથા કહેવાઈ છે.

## ૮.૧ કથાવસ્તુ:

મા-બાપની છત્રછાયામાં અને લાડ-પ્યારમાં ઉછરતી અમીરન ફૈઝાબાદમાં રહે છે. જમાદાર પિતાની જુબાનીના કારણે સજા ભોગવીને આવેલા દિલાવરખાન નામના માણસની તેના પિતા સાથે દુશ્મની છે. તેનો ભોગ અમીરન બને છે. બદલો લેવાની વૃત્તિમાં વાતમાં ફસાવીને અમીરનનું અપહરણ કરે છે. દિલાવરખાન તેના મિત્ર પીરબખ્શની સલાહથી તેને મૃત્યુને ઘાટ ઉતારવાને બદલે લખનૌના બજારમાં રૂ.૧૫૦ની રકમ લઈને ખાનમજાન પાસે વેચી આવે છે. બુઆ હુસૈની અને ખાનમની દેખરેખ હેઠળ લખનૌના વેશ્યાઘરમાં ઉછરીને અમરીન 'ઉમરાવજાન' નામ ધારણ કરે છે. તેનું ઉંમરની આસપાસની સખી બિસ્મિલ્લાહજાન (ખાનમની દિકરી), ખુરશીદજાન અને અમીરજાન તેમજ ગૌહરમિર્ઝા નામના સાથી જોડે તેનો ઉછેર થાય છે. તેને મૌલવી પાસે સંગીત, નૃત્ય, શાયરી વગેરેની તાલીમ આપવામાં આવે છે. ઉર્દૂ અને પર્શિયન ભાષાનું જ્ઞાન તેને આપવામાં આવે છે. આ તમામ તાલીમને અંતે તે એક વેશ્યા તરીકે મુજરો અને ધંધો શરૂ કરે છે.

ગોહર મિર્ઝા, નવાબ સુલતાન સાહેબ, ફૈઝ અલી, અકબરઅલી ખાન તેમજ અન્ય નવાબો સાથે તેના પ્રણય સંબંધો તેમજ અન્ય સંકુલ સંબંધોની કથની તે મિર્ઝા રુસ્વાને કહે છે. મિર્ઝા રુસ્વા ઉમરાવજાનના જીવનનો, તેના અનુભવના તાંતણાઓને જીવનકથા રૂપે બાંધવા માંગી મુસદ્દો તૈયાર કરવાની ઈચ્છા ધરાવે છે. આ ઉપરાંત, બિસ્મિલ્લાહજાન, અમીરનજાન, ખુરશીદજાન, ખાનમજાન, બુઆ હુસૈનીના સંબંધોની વાત તેની કથનીમાં પ્રસંગોપાત આવે છે, જેના દ્વારા વેશ્યાજગત અને તેની સંકુલતાનો પરિચય મળે છે. લખનૌનું સામાજિક વાતાવરણ, માણસો, પ્રસંગો, મેળાઓ તેમજ

નવાબોના નવાબીપણા અને ઐયાસીનો તાગ પણ તેની વાતો પરથી જાણવા મળે છે. ફૈઝઅલી અને ફઝલઅલી જેવા ડાકુઓ અને દિલાવરખાન જેવા શેતાન શત્રુની વાતો પણ તે કરે છે.

એક વેશ્યા તરીકે ઉમરાવે ગુજારેલું જીવન, તે પહેલાનું તેનું નિર્દોષ બાળપણ, કરમની કથની, માણેલાં જાહોજલાલી પ્રત્યે તેનું આકર્ષણ, સહેલાં માન-અપમાન અને મહેણાં-ટોણાં, બાહ્ય પરિસ્થિતિને સ્વીકારી જીવવામાં થયેલ તેનો આંતરિક સંઘર્ષ, પ્રારબ્ધવાદ અને પુરુષાર્થવાદ વચ્ચેનું ઘર્ષણ અને તમામ પરિસ્થિતિઓમાંથી પસાર થઈને વૃદ્ધાવસ્થાના આરે આવેલી ઉમરાવજાનનો અન્ય વેશ્યાઓને અથવા તે જગતમાં પગ મૂકતી ઉન્માદી સ્ત્રીઓને પોતાના જીવનના નિષ્કર્ષ દ્વારા, આત્મકથાના મુસાદ્દા રૂપે આપતો સંદેશ એ આ નવલકથાનું હાર્દ છે.

## ૮.૨ 'ઉમરાવજાન અદા' – ઊર્દૂ નવલકથામાં મુખ્ય નારીપત્રોની નારી છબીનો અભ્યાસ :

આ નવલકથામાં મુખ્ય નારી પાત્ર તરીકે એક જ પાત્ર છે – ઉમરાવજાન અદા.

### ૮.૨.૧ ઉમરાવજાન અદા/અમીરન :

આ નવલકથામાં મુખ્ય પાત્ર તરીકે અમીરન ઊર્ફે ઉમરાવજાન અદા છે. નવલકથાના શીર્ષક દ્વારાજ ઉમરાવજાનના જીવન વિષે આ નવલકથા છે તેનો ખ્યાલ આવે છે. ઉમરાવજાન મુશાયરા અને મુજરા કરતી હોવાથી તેનું તખલ્લુસ 'અદા' છે તે નવલકથામાં આવેલી રચનાઓ દ્વારા ખ્યાલ આવે છે. બાળપણની નિર્દોષ જીન્દગી વિતાવતી અમીરન જ્યારે ખાનમ સાહેબ પાસે વેચાય છે ત્યારથી તે ઉમરાવજાન તરીકે ઓળખાય છે. એક નિર્દોષ બાળકીમાંથી વેશ્યા બનતી છોકરીના પાત્રની આસપાસ નવલકથાનું વસ્તુ રચાય છે. બિપિન આશરના મત પ્રમાણેઃ " 'ઉમરાવજાન અદા' નવલકથામાં ભારતીય સમાજના એક વાસ્તવિક છતાં અસ્પૃશ્ય, ઉપેક્ષીય અને આવૃત્ત એવા

વિષયને અવનવી નિરૂપણરીતિ અને શિષ્ટ ભાષામાં નવલકથાસ્થ કરવામાં આવ્યો છે."૧ નવલકથાના વિષયને અનુરૂપ ભાષાના પ્રયોજનને જોતાં આ મત સાચો પડે છે.

નવલકથાની શરૂઆતમાં જ ઉમરાવજાન વિશેનો ઉલ્લેખ આ વિધાન દ્વારા મળે છેઃ "એમના જ રૂમની બાજુમાં એક રૂમ હતો, જેમાં એક વેશ્યા રહેતી હતી... એની રહેણી કરણી એના જ વર્ગની બીજી સ્ત્રીઓ કરતાં તદ્દન જુદી હતી, ન તો એને કોઈએ ઝરૂખામાં બેઠેલી જોઈ હતી કે ન તો એને ત્યાં કોઇની અવરજવર થતી હતી"(પૃ.૧૧). અલબત્ત, આ વાક્ય દ્વારા ઉમરાવજાન અદાના પાત્રની વિલક્ષણતાનો ખ્યાલ આવે છે. વેશ્યા વર્ગમાંથી આવતું પરંતુ પૂર્ણપણે વૈચારિક, માનસિક અને વ્યક્તિગત સભાનતા ધરાવતું આ નારીપાત્ર છે. ભાગ્યના લેખે બનેલી વેશ્યા તેમજ પરિસ્થિતિઓને આધીન થઈ લાચારી સ્વીકારી જીવતી વેશ્યાની આ કથા છે. તેથી વેશ્યાના બંધબેસતા માળખામાં ગણાતાં અવગુણો, અનૈતિકતા અને અસામાજિક વિચારોથી કંઈક અલગ એવા આ નારીપાત્રની છબીને તપાસવી મહત્વની બને છે.

મિર્ઝા રુસ્વા, જે ઉમરાવજાન અદાને આકસ્મિક રીતે ઉમરાવની પાછલી વયમાં મળતાં તેની જીવનકથા સાંભળીને તેનો મુસદ્દો તૈયાર કરવામાં રસ ધરાવે છે. તેમની સામે ઉમરાવજાન પોતાની કથનીની શરૂઆત આ શેરથી કરે છેઃ

"ગમગીન દિલની વાત કહું કોને રે અદા
માર્ગે ચડીને ફરી આવ્યા જગત". (પૃ.૧૪)

ઉમરાવજાન પોતાના જીવન, ભાગ્યના લેખા, પરિસ્થિતિઓ-સંજોગો અને સંઘર્ષોથી ગમગીન બનેલી ઉમરાવજાન પરિસ્થિતિઓને આધીન થઈને અવડા માર્ગે ચડીને આખું જગત જોઈ લીધાની કથા મિર્ઝા રુસ્વા સામે પ્રસ્તુત કરે છે.

લખનૌની નવાબી ભાષા, શેરો-શાયરી, ગઝલો-મુઝારા તેમજ ઉર્દૂ અને પર્શિયન ભાષાથી ઉમરાવજાન સારી રીતે પરિચિત છે. ઉમરાવજાન જ્યારે મિર્ઝા દ્વારા જીવનની કથા સાંભળવાનો પ્રસ્તાવ સાંભળે છે ત્યારે તેમણે પૂછે છે, “આપને રસ કઈ કહાનીમાં, આપવીતી કહું કે જગાવીતી?” (પૃ.૩૬) અર્થાત ઉમરાવજાન એટલું જોઈ-જાણી ચૂકી છે કે તેનું જીવન અનેક રસપ્રદ અનુભવોથી ભરપૂર છે. ઉમરાવજાનની ભાષામાં આવતો કટાક્ષ, તિરસ્કાર, નિર્દોષતા, ભવ્યતા કે આક્રમિકતા જેવા ભાવો તેનાં અનુભવને કારણે સહજતાથી પ્રગટે છે. અહીં, મિર્ઝા રુસ્વાને ઉમરાવજાનની કથામાં રસ હોવાનું કારણ એ પણ છે કે, “એમણે જે કાઇ આંખો વડે જોયું તે તો લોકોએ કાને સાંભળ્યું પણ નહીં હોય.” (પૃ.૩૬) જીવવા માટે જોઈતાં તમામ સુખ-સગવડો, ખાણી-પીણી, જાહો-જલાલી, પ્રશંસા વગેરેથી તૃપ્ત થઈને ઉમરાવજાન તેની પાછલી ઉમરમાં માનવીય આદર્શો, જીવનગત મૂલ્યો વૈયક્તિક સભાનતા વગેરે તરફ વળે છે. તેના પાયામાં ઉમરાવજાનની વ્યક્તિગત આંતરિક તેમજ બાહ્ય જીવન સંઘર્ષો તેમજ આત્મસંઘર્ષોને અંતે જન્મેલી સ્વ-ઓળખની શોધ છે.

ઉમરાવજાનની બાળપણની જીન્દગી જોઈએ તો, અમીરન એ ફૈઝાબાદમાં રહેતા જમાદારની દીકરી છે. મહોલ્લાના સીધાસાદા મધ્યમવર્ગીય વાતાવરણમાં તે ઉછરે છે. બાળપણમાં માતાના ભાઈ પ્રત્યેના વધુ લગાવને તે ઓળખે છે, જ્યારે પિતા તેના પર ભરપૂર પ્રેમ વરસાવે છે. કતારા-મીઠાઇ-પતાસાની વારંવાર માંગણી કરતી, ઢીંગલી માટે રડતી અમીરનને નાની-નાની વાતે માનો માર પડે પિતા તેની જિદ પૂરી કરે છે. અહીં, માતાનો પુત્ર પ્રત્યેનો વધુ લગાવ એ સામાજિક માળખાનું અંગ છે. અમીરનની સગાઈ નવ વર્ષે ફોઈના દીકરા સાથે થાય છે. ત્યારે નિર્દોષ અને બહારની જીંદગીથી અજાણ અમીરન તેના આ જીવનથી ખુશ-ખુશાલ છે. તેને બાળપણમાં પોતાના જીવનને લાગતાં કોઈ પ્રશ્નો નથી. તે પોતાના નક્કી કરાયેલા લગ્નજીવનને આગળ વધારવાના સપના સેવી રહી છે.

ઉમરાવજાન જ્યારે પોતાના નાનપણની વાત કરે છે ત્યારે તે પહેરવેશની વાત કરતાં કહે છે કે, "લાલ ગુલબદનનો પાયજામો, નાની મોરીવાળો ટોલનો નેફો, નૈનોનું કૂરતું, તનઝેબની ઓઢણી, હાથમાં ચાંદીની ત્રણ-ત્રણ બંગડીઓ, ગળામાં તોક, નાકમાં સોનાની નથણી બીજી છોકરીઓની નથણી ચાંદીની. કાન હજી હમણાં વીંધવામાં આવ્યા તેથી કાનમાં માત્ર લીલી દોરી. સોનાની વાળીઓ બનાવવામાં આવી હતી." (પૃ.૪૦) આટઆટલાં કપડાં-ઘરેણાંથી ખુશ એવી અમીરન જ્યારે ઉમરાવજાન બને છે ત્યારે કહે છે કે, 'મારી અપૂર્ણ બુદ્ધિ પ્રમાણે તો હું એ જ પરિસ્થિતિમાં ખુશ રહેત." (પૃ.૪૨) આમ, જો જીવન સામાન્ય રીતે જ ચાલ્યું હોત તો એ જ પરિસ્થિતિમાં જ ખુશ અમીરનને જીવન વિશે કોઈ વિમર્શ ન કરવો રહેત એવું તે માને છે.

નિર્દોષ બાળપણમાં જ થયેલા અપહરણ અને ત્યારબાદના વેશ્યા તરીકે ગુજારવા પડેલા જીવન માટે તે બે બાબતોનો દોષ ગણાવે છેઃ (૧) દિલાવરખાન – જે તેનું અપહરણ કરે છે. (૨) ભાગ્ય – જે તેના ખાનમ પાસે વેચાઈ જવા બાદ સ્વતંત્ર જીવન જીવવા માટેનો વિકલ્પ રહેવા દેતું નથી. જમાદાર પિતાની દિલાવરખાનની વિરુદ્ધ જુબાનીના કારણે દુશ્મનીનો અને બદલાનો ભોગ બનતી ઉમરાવજાન ભાગ્યને એટલે દોષી ગણે છે કારણકે જાનથી મારી નાખવાની ઈચ્છા ધરાવતો દિલાવરખાન દોસ્તની વાતમાં આવી જઈ હત્યાથી પણ નિમ્ન કક્ષાનું કાર્ય કરી તેને વેચી દે છે. જેથી બદલો પણ પૂરો થાય અને પૈસા પણ મળે.

ભારતીય સંસ્કૃતિના માળખામાં જીવ અને આબરૂની તુલનામાં આબરૂ વધુ મહત્વનું સ્થાન ધરાવે છે તેનો ચિતાર આ વિધાન પરથી મળે છેઃ "હું કેટલી નિષ્ઠુર હતી કે જીવ ન નીકળ્યો." (પૃ.૫૦) "મુઠ્ઠીભર માટીથી મારી આબરૂ ઢંકાઈ જાત. દુનિયા અને ધર્મની દષ્ટિએ હું કલંકિત તો ન થાત. મને કાળી ટીલી તો ના લાગત." (પૃ.૫૩) અપહરણ બાદ જ્યારે દિલાવરખાન અને કરીમખન

મળીને રૂ.૧૫૦માં અમીરનને ખાનમસાહેબ પાસે વેચે છે ત્યારેના ખાનમના શબ્દો વેશ્યાબજારની માનસિકતા છતી કરે તેવા છેઃ "સસ્તી પણ નથી... ભલે હશે ભોળી સૂરત છે. ખુદા જાણે કોની દિકરી હશે? હાય, મા બાપના શા હાલ થયા હશે? ખુદા જાણે, મૂઆઓ ક્યાંથી પકડી લાવે છે? ખુદાનો લેશમાત્ર ડર નથી. બુઆ હુસૈની, આપણો એમાં શો દોષ? પાપ અને પુણ્ય તો એ જ મૂઆઓને ભોગવવાનાં રહેશે ને? એમાં આપણું શું? જો અહીં ન વેચાત તો બીજે ક્યાંક વેચાત." (પૃ.૫૫) સમાજમાં ચાલી રહેલ દોષ ઠાલવવાની રમત (blame game)ને આ વિધાન દ્વારા બરાબર સમજી શકાય છે. ખરીદી લીધેલી યુવાન છોકરીઓને ખરીદવા માટે, આશરો આપવા માટે અને જીવાડવા માટે વેશ્યાબજાર જે ગૌરવ લે છે તેની સામે આંખ આડા કાન કરે છે.

મા-બાપની છૂટી પડેલી, ખરીદેલી અમીરનને ખાનામ સાહેબ ઉમરાવજાન નામ આપે છે. તેને બુઆ હુસૈની તરફથી મમતા પ્રાપ્ત થાય છે અને નવા પ્રાપ્ત થયેલાં મોજ-શોખોથી તે અભિભૂત થઈ ભૂતકાળને ભૂલી જાય છે. ત્યારબાદ તે સંજોગોને આધીન થતાં, તે સમયની સ્થિતિ વર્ણવતાં કહે છે કે, "પહેલી વાત તો એ કે હું વિવશ હતી. બીજું નવા નવા રંગઢંગ, ઉત્તમમાં ઉત્તમ વાનગીઓ, વાનગીઓ પણ એવી કે એના સ્વાદથી હું પરિચિત ન હતી, વસ્ત્રો એવાં કે એ કદી સ્વપ્નમાં પણ જોયાં ન હતા, સાથે રમવા માટે ત્રણ છોકરીઓ, બિસ્મિલ્લાહજાન, ખુરશીદજાન અને અમીરનજાન. રાતદિવસ નાચવું, ગાવું, જલસા, તમાશા, મેળા, બાગબગીચાઓ વગેરે. ટૂંકમાં મનોરંજન અને આનંદપ્રમોદમાં કંઇ જ બાકી ન હતું." (પૃ.૫૮) આમ, તે સમયના વેશ્યાઘરના પ્રલોભનોથી તે આકર્ષાય છે અને અન્ય કોઈ વિકલ્પ બાકી ન રહેતાં તેનું બાકીનું જીવન વેશ્યા તરીકે શરૂ કરે છે. ખાનમનું મકાન તે સમયે તેને 'પરીસ્તાન' લાગે છે. ઉમરાવજાન જીવનના આ સમયમાં જાહોજલાલીથી મુગ્ધ બનેલી જોવા મળે છે.

ત્યારબાદ આસપાસના વાતાવરણમાં એ એવી રીતે ભળી જાય છે કે બિસ્મિલ્લાહજાન, ખુરશીદજાન અને અન્ય વેશ્યાઓને જોઈને તેને એમના જેવી બનવાના ઓરતાં જાગે છે.

ખાનસાહેબ મૌલવી પાસે તેનું શિક્ષણ/તાલીમ શરૂ કરાવે છે. ઉર્દૂ-પર્શિયન ભાષાની તાલીમ, શાયરીની તાલીમ તથા નૃત્ય-સંગીતની તાલીમથી ઉમરાવજાન તૈયાર થાય છે. અહીં જોઈ શકાય છે કે વિપ્લવ અને બ્રિટીશ સરકારના પૂર્ણ શાસન પહેલાના આ સમયમાં સમાજની સામાન્ય સ્ત્રીઓનો વર્ગ અશિક્ષિત હતો પરંતુ, શિક્ષણ એ વેશ્યાઓની તાલીમનો એક ભાગ હતો. આ બાહ્ય તાલીમની સાથોસાથ મનુષ્ય વૃત્તિ-પ્રવૃત્તિ, હાવભાવ, સ્વભાવ, નાઝ-નખરાં વગેરેનું અવલોકન કરવાની ટેવ ઉમરાવજાનના સ્વભાવમાં જ હતી. આ ટેવ દ્વારા તે મનુષ્ય સ્વભાવ તેમજ સ્વ-નિરીક્ષણ (Self Reflection) તરફ પાછલી ઉંમરમાં વળે છે. આ ઉપરાંત, તેના જીવનના તાલીમના સમયમાં ખાનમ સાહેબ, બુઆ હુસૈની, ખાનમની દિકરી બિસ્મિલ્લાહજાન, મૌલવી સાહેબ વેગેરેના અનૈતિક અને સંકુલ સંબંધોની જાણકારી પણ ઉમરાવજાન પાસે છે. વેશ્યાઓના પુરુષ પાત્રો સાથેનાં અડપલાં, નાઝ-નખરાં, ખોટો પ્રેમ દેખાવ વગેરેને તે સારી પેઠે જાણે છે. તેમ છતાં જીવનના આ સમયમાં તે વેશ્યા (એમના જેવી) બનવા માટે તૈયાર થાય છે.

ગોહર મિર્ઝા નામના યુવાન છોકરા સાથેના સંપર્ક દ્વારા જ્યારે ઉમરાવજાનના જીવનના પ્રણય-પ્રસંગો શરૂ થાય છે ત્યારે તે સાચો પ્રેમ અને ખોટા દેખાવ વચ્ચેના ભેદને સારી રીતે પારખે છે. પરંતુ, અન્ય વેશ્યાઓની લોલુપતના પ્રભાવ અને ભેટ-સોગાતોની ખેંચાણ (influence)થી તે અન્ય વેશ્યાઓની જેમ જ વર્તવાનું ચાલુ કરે છે. નવાબ સુજાત અલી ખાનના દીકરા નવાબ સુલતાન સાહેબ સાથે ૧૪ વર્ષની ઉંમરે પ્રથમ મુઝરા સમયે ઉમરાવજાનને તેમની સાથે પ્રેમ થાય છે. તેમની સાથે પણ અમુક પ્રમાણમાં પ્રેમનો ડોળ કરવાની જાણ છતાં તેમની સાથે ગાળેલી મહેફિલોને તે ખુદાને ભૂલી જવાય તેવી મહેફિલો ગણાવે છે. નવાબના લગ્ન બાદ તેઓનો પ્રણયસંબંધ ઝાઝો ટકતો નથી. અમુક અંશે પ્રેમ અને અમુક અંશે ડોળનું વર્તન ધરાવતી ઉમરાવજાનના આ વિધાન પરથી તેના વેશ્યાવૃત્તિનો તાગ મળે છેઃ “મેં પ્રણય-ચેષ્ટાઓ શરૂ કરી. એમના પ્રેમમાં ગળા સુધી ડૂબી ગઈ. એમાં અમુક અંશે દંભ હતો અને થોડું ઘણું સત્ય હતું.”

(પૃ.૯૯) આ ઉપરાંત, હવે તેની ઝંખના કંઈક આ પ્રકારની હતીઃ "હવે મારું હૃદય એવા પ્રેમી માટે આતુર હતું. જે રૂપિયા ખર્ચે, ખવડાવે, પીવડાવે અને જે મારાં નાઝ-નખરાં ઉઠાવે."(પૃ.૯૮)

ઉમરાવજાન પોતે વેશ્યા તરીકેનું વર્તન કરતી હોવા છતાં બિસ્મિલાહજાનના નવાબ છબ્બન સાથેના અકૃતજ્ઞ વર્તનની તે માનસિક સમીક્ષા કરવાનું છોડતી નથી. ખાનમ સાહેબ નવાબ છબ્બનના કાકાની ઇચ્છાનુસાર નવાબ છબ્બન સાથે તેમના નવાબીપણાંને લજાવવા માટે નાટક કરીને તેમને બિસ્મિલાહથી દૂર થઈ જવા નાટક કરે છે તેમાં ખાનમસાહેબ સફળ થાય છે. પરંતુ, બિસ્મિલાહજાનનું નવાબ છબ્બન સાથેની બેવફાઇ અને વેશ્યા તરીકેની વર્તણૂંક ઉમરાવજાનને ખટકે છે. જોકે, આ અણબનાવને કારણે જ્યારે નવાબ છબ્બન ઘરે પાછા ફરવાને બદલે ગુમ થઈ જાય છે ત્યારે માણસાઈને કારણે સૌથી વધુ દુઃખ ઉમરાવજાનને થાય છે. આમ, મિર્ઝા રુસ્વા સાથેના વાર્તાલાપમાં વેશ્યાઓના મનામણાં-રીસામણા, ભેટ માંગવાની વૃત્તિ, ખોટો પ્રેમ કરવાનો કસબ વગેરે વિવિધ પ્રસંગો દ્વારા ઉમરાવજાન તાદશ કરે છે ત્યારે ઉમરાવજાનની યુવાનીમાં અંદરોઅંદર ચાલતો ચારિત્ર્ય દ્વંદ્વ જોવા મળે છે.

એશબાગના મેળામાં ખુરશીદજાન ગુમ થાય છે તે પ્રસંગ આશ્ચર્યજનક છે. ત્યારબાદ એ જ મેળામાં મળતો ઉમરાવજાનને ખૂબ ચાહતો આશિક ફૈઝ અલી ઉમરાવજાનના જીવનમાં અનેક વળાંકો માટે નિમિત્ત બને છે. ઘણી બધી મોંઘી ભેટ-સોગાદોથી તાબે થયેલી ઉમરાવજાન ફૈઝ અલી સાથે ખાનમના મહેલમાંથી નાસી છૂટે છે એટલી હદે તે ફૈઝ અલી અને તેની ભેટ-સોગાદોથી આકર્ષાય છે. તે ઉમરાંત, ઘરસંસાર વસાવવાનું સ્વપ્ન તેને ફૈઝ અલી બતાવે છે. આ સ્વપ્નને તે સાચું માની ભાગી જઈને મોહનલાલગંજ, રાયબરેલી અને ત્યાંથી લાલગંજ પહોંચે છે ત્યાં સુધી તેને તાગ મળી જાય છે કે તે ગુંડો-લૂંટારુ છે. વચ્ચે એક સ્થળે નસીબણ કસબણ સાથે ઉમરાવજાનની મુલાકાત થાય છે ત્યાંથી તેને ભટકતી વેશ્યા, તંબૂવાળી વેશ્યા (ગદાઈ) તરીકે પણ સ્ત્રીઓ ધંધો કરે

છે તેની જાણકારી થાય છે. આમ, બાળપણ પછી યુવાનીમાં મહેલની બહાર નીકળેલી ઉમરાવજાનનો બહારના જગત અને સમાજ સાથેનો ભેટો તેની આગળની જીન્દગી માટે અનુભવસભર બની રહે છે. ફૈઝ અલી સાથે ભાગેલી ઉમરાવજાનને જ્યારે ગ્રામજનો જુએ છે ત્યારે આ રીતે વર્તાવ કરે છે. ગ્રામજનોઃ “અરે, પડદો ઊંચકીને સાબીને બહાર ખેંચોને, કસબાતણ તો છે. એને વળી પડદો કેવો?” (પૃ.૧૬૯) આ ઉપરાંત, તેને બહારની દુનિયાની યાત્રા દરમિયાન કેટલાંક પ્રસંગો બને છે જે આશ્ચર્યજનક છે, તે ઉમરાવજાનને પોતાના તેમજ બીજાના નસીબ વિશે વિચારતી કરી મૂકે તેવા છે. જેમ કે, જ્યારે ફૈઝ અલી અને તેનો મિત્ર ફઝલ અલી ઉમરાવજાનને મૂકીને નાસી છૂટે છે ત્યારે તેને રાજા ધ્યાનસિંહ મહેલમાં આવકારી જમાડે છે. ત્યાં તેને ગુમ થયેલી ખુરશીદ રાજાની બેગમ સ્વરૂપે પાછી મળે છે. ત્યાંથી નીકળી કાનપુર જઇ થોડા દિવસ મસ્જિદમાં મૌલવી સાથે રહી ત્યારબાદ ઘર ભાડે રાખી સાજીદાઓ સાથે મહેફિલો શરૂ કરે છે, ત્યારે લખનૌના બેગમ સાહેબના પુત્રની વર્ષગાંઠમાં મુજરાનું આમંત્રણ મળે છે. અત્યંત રૂપસ્વિની એવી બેગમ સાહેબને ક્યાંક જોયાનું યાદ આવે છે. અંતમાં તે દરગાહની મુલાકાત દરમિયાન જાણ થાય છે કે તે બાળપણમાં પોતાની સાથે કરીમના ઘરમાં કેદ થયેલી રામદઇ છે. તથા તેના જેની સાથે લગ્ન થયા છે તે સુલતાન સાહેબ છે, જેના પ્રેમમાં ઉમરાવ ગળાડૂબ હતી. આમ, એક પછી એક ભાગ્યના પલટા દ્વારા ઉમરાવજાનનું જીવન અનુભવ સભર બને છે.

થોડા સમય બાદ ઉમરાવજાન કાનપુરમાં છે તેની જાણ થતાં બુઆ હુસૈની અને મિર્ઝા શોહર તેમણે પાછા લઈ જવા માટે સમજાવે છે. ઉમરાવજાન લખનૌ પાછા જઇ ખાનમસાહેબ પાસે ન રહેતાં ફૈઝાબાદમાં મુજરો અને મહેફિલો શરૂ કરે છે. જીવનની આધેડવયમાં પહોંચી ચૂકેલી ઉમરાવજાનને મા-બાપનો વિચાર આવતાં કંઈક આ પ્રમાણે મંથન કરે છેઃ ‘મા-બાપનો ખ્યાલ આવતાં જ એમ થતું કે ખુદા જાણે જીવંત પણ હશે કે કેમ? અને ધારો કે જીવતાં હોય, તોપણ મારી સાથે એમને શો સંબંધ? એમની દુનિયા જુદી, મારી દુનિયા જુદી. લોહી કરતાં પાણી ઘટ્ટ

હોય છે, એ વાત ખરી, પણ કોઈ સ્વમાની માણસ મને ઓળખવાનું પસંદ નહીં કરે. એમની સાથે સંબંધ સ્થાપવાનો પ્રયત્ન એમને દુઃખ પહોંચાડવા બરાબર છે. ઘરના વિચાર સાથે આ બધું યાદ આવતું અને હું મનને બીજે વાળી દેતી." (પૃ.૨૧૬) આ વિચારોના થોડા જ સમય બાદ ફૈઝાબાદમાં એક મુજરા દરમિયાન અચાનક ઉમરાવજાન એ જ મહોલ્લામાં પોતાના ઘરને ઓળખે છે. પોતાની મા સાથેનો ભેટો થાય છે ત્યારે નસીબને કોસીને ખૂબ રડે અને ભેટે છે. છેવટે ઘરે પાછા ફરતાં બીજે દિવસે તેની મા- સાથેની મિલનની વાતની જાણ થતાં આબરુ અને સ્વમાનને વળગેલો તેનો સગો ભાઈ ઉમરાવને કટાર લઈને મારવા આવે છે. થોડા સંઘર્ષ બાદ તેને ફૈઝાબાદમાંથી જતાં રહેવા માટે જણાવે છે. ઉમરાવજાનનું લખનૌ પાછા ફરવું એ સમય અંગ્રેજોના શાસન અને તેની સામેના બળવા પછીનો સમય છે. જેમાં લખનૌમાં પહેલાં કરતાં ઘણું પરીવર્તન આવી ગયેલું હોય છે. ત્રસ્ત અને અસ્ત-વ્યસ્ત થઈ ગયેલ લખનૌમાં ઉમરાવજાન ખાનમ પાસે ન રહેતાં ફાટક પાસે એક ઘર લઈને રહે છે. આધેડ વયની ઉમરાવજાનનો સંબંધ અહી વૃદ્ધ એવા માહમૂદઅલીખન સાથે શરૂ થાય છે. માહમૂદઅલીખાન દ્વારા તે વરેલી હોય એમ રહેવાનું કહેવામાં આવતાં ઉમરાવજાનનો તે સામેનો ઇન્કાર ઉમરાવજાનના જીવનમાં અન્ય સંઘર્ષનું કારણ બને છે. માહમૂદઅલીખાન તેના પર ખોટો કેસ કરતાં વકીલ અકબરઅલીખાન તેને ઘણી સહાયતા કરી કેસ જીતાડે છે. આ સમય દરમિયાન તે બંને વચ્ચેનું આકર્ષણ સંબંધમાં પરિણમે છે. પરિણીત અકબરલીખાન પત્ની હોવા છતાં ઉમરાવજાનને પોતાના ઘરમાં પત્ની તરીકે રાખે છે ત્યારે અકબરલીખાનની મા અને પત્નીનો ઉમરાવજાન સાથેનો વ્યવહાર સંઘર્ષભર્યો છે. જ્યારે અકબરલીખાનની પત્ની ઉમરાવજાનને પોતાના ઘરે આમંત્રણ આપે છે ત્યારે બહારથી શેરીમાની એક વૃદ્ધ સ્ત્રી આવીને ઉમરાવજાનનું અપમાન કરે છે. આ વર્તાવથી ત્રસ્ત થયેલી અકબરલીખાનની પત્ની જ્યારે વૃદ્ધ સ્ત્રીને મારીને ઘરની બહાર કાઢે છે ત્યારે તેની સાસુનો કંઈક આ પ્રમાણેનો ઉદગાર છેઃ "બેટા, તમે આ બાપડીને નકામી ઝૂડી નાખી, અને એ પણ એક નીચ, બજારમાં બેસનારી માટે તમારે એનું ઉપરાણું લેવાની શી જરૂર?"(પૃ.૨૩૬) ત્યારબાદ અકબરલીખાનની બુઆ કહે છેઃ "બીજું, રાંડો તો ટકાની હોય છે જ,

એમનો વિશ્વાસ કેમ રખાય? એમના તો પડછાયાથીય દૂર રહેવું જોઈએ, આવી ફૂવડ સ્ત્રીઓ સેંકડો રોગોમાં પીડાતી હોય છે." (પૃ.૨૩૬) આ પ્રસંગનું વર્ણન મિર્ઝા રુસ્વા સાથે કરતાં પ્રેમ, દંભ, ફિલસૂફી ભરી વાતોમાં કંઈક આ પ્રકારની ચર્ચા જોવા મળે છેઃ

મિર્ઝા રુસ્વાઃ "એમના પતિઓ યુવાન હોય છે, પાસે બે પૈસા હોય છે ત્યારે બહારવાળીઓ સાથે લહેર કરે છે. પણ દરિદ્ર અને વૃદ્ધાવસ્થામાં જ્યારે કોઈ એમનો ભાવ પૂછનાર નથી હોતું ત્યારે આ જ બિચારીઓ તકલીફ વેઠીને પણ ધૈર્યથી વફાદાર રહે છે. શું એમને ગર્વ ન હોય? આ જ કારણે તેઓ ચારિત્ર્યહીન સ્ત્રીઓને તુચ્છ ગણે છે. અત્યંત તિરસ્કારે છે. પતિનો દોષ ગણવાને બદલે વ્યભિચારી સ્ત્રીઓને દોષી ગણે છે." (પૃ.૨૪૧)

ઉમરાવજાનઃ "એ બધું ખરું, પણ પુરુષો શા માટે આટલાં મૂર્ખ હશે?" (પૃ.૨૪૨)

રુસ્વાઃ "એનું કારણ એ છે કે માણસને સ્વાભાવિક રીતે જ વૈવિધ્યનો મોહ હોય છે." (પૃ.૨૪૨)

મિર્ઝા રુસ્વાઃ "મારા જીવનનો એક સિદ્ધાંત છે. ગમે તે કોમ કે ધર્મની હોય, પવિત્રતાની ઉપાસક ચારિત્ર્યવાન સ્ત્રીઓને હું મા-બહેન ગણું છું. એમના પાવિત્ર્ય સાથે ચેડાથી મેન અત્યંત દુઃખ થાય છે. જે લોકો આવી સ્ત્રીઓને ફોસલાવીને ભ્રષ્ટ કરવાના પ્રયાસો કરે છે એમને સૌને ગોળીથી વીંધી નાખવા જોઈએ. પણ સ્વયંસ્ફૂર્તિથી પુરુષો તરફ ઝોક ધરાવતી અને ઢળતી સ્ત્રીઓની ઉદારતાનો પૂરેપૂરો લાભ લેવામાં મને કોઈ પાપ દેખાતું નથી." (પૃ.૨૪૫)

આ ચર્ચા દ્વારા સ્પષ્ટ થાય છે કે વેશ્યાઓ પુરૂષોને મૂર્ખ ગણે છે. પોતાની જાળમાં ભરાતાં-ફસાતા આ પુરુષોની પત્નીઓની ઘૃણાના તેઓ પાત્ર બને છે. છેવટે તે પુરુષો પર દોષારોપણ કરે

છે. જ્યારે સામે પક્ષે પુરુષો પૈસા હોય અને લ્હાવો મળે ત્યાં સુધી લોલુપ સ્ત્રીઓ અને વેશ્યાઓ સાથેના mutual consent અને mutual relation (પરસ્પર સંમતિ અને પરસ્પર સંબંધ) ને પાપ ગણતાં નથી. જ્યારે ચારિત્ર્યવાન સ્ત્રીઓ મોટેભાગે 'પતિવ્રતા' હોવાથી પતિ પણ દોષારોપણ ન કરતાં દોષનો ટોપલો ચારિત્ર્યહીન કે ધંધો કરતી સ્ત્રીઓ પર ઢોળે છે. મિર્ઝા રુસ્વા અને ઉમરાવજાનની આ ચર્ચા પરથી તે સમયે ચાલતાં સમાજના ગૂંચવણભર્યા સંબંધો, નૈતિકતા-અનૈતિકતા, નસીબ-કર્મ, પાપ અને પુણ્ય જેવી અનેક સ્તરોથી બનેલી સમાજની વાસ્તવિકતાનો પરચો મળે છે.

વૃદ્ધાવસ્થામાં પ્રવેશી ચૂકેલી ઉમરાવજાન જ્યારે પાછલી ઉમરમાં પોતાના જીવનનો અને પોતાના દૃષ્ટિકોણ દ્વારા વેશ્યાજગતનો અને સમાજનો ચિતાર આત્મકથાના મુસાદ્દા દ્વારા આપે છે, ત્યારે એમાં ચિંતન અને ફિલસૂફીભર્યા ઉદગારો અને વેશ્યા જગતમાં સ્વેચ્છાએ દાખલ થતી છોકરીઓ વિષે ઉપકારક અને ચેતવણીભર્યા સંદેશ છે જે આ પ્રમાણે છેઃ

- "હું જેવા લોકોમાં ઉછરી તેમનો જ માર્ગ મેં અપનાવ્યો, એ દિવસોમાં ક્યારેય મેં નીતિમતા કે સદાચાર ઉપર વિચાર કર્યો જ ન હતો, અને મારા મત પ્રમાણે એવા સંજોગોમાં કોઈ કરે પણ નહીં."(પૃ.૨૭૭)
- "મુક્તકામી તો ખરા, પણ એટલા વિવશ છીએ જ્યાં થયા મજબૂર,
  કિસ્મતને જ આરોપ આપ્યો." (પૃ.૨૭૮)
- વૃદ્ધાવસ્થામાં પોતાની પાસે સંચય કરી રાખેલ ઘરેણાં માટે તે કહે છે કેઃ "રંડી હતી ને, છેવટે કફનનો બંદોબસ્ત અગાઉથી કરી લીધો."(પૃ.૨૮૭)

- "હું એક ખંધી સ્ત્રી છું, મેં ઘાટ ઘાટનું પાણી પીધું છે. હું દરેકની ઈચ્છાનુસાર આકાર ધારણ કરી લઉં છું, પણ ખરેખર તો હું એમને જ મારી ઈચ્છા પ્રમાણે ઘડતી હોઉ છું. દરેક જાણ મને બનાવે છે તેમ બનું છું પણ ખરેખર તો એમને જ બનાવતી હોઉ છું." (પૃ.૨૮૧)

આમ, પોતાના ચારિત્ર્ય પર મનોમંથન અને અંતર તેમજ બહિર્જગતના ઘમાસાણ બાદ નીકળેલ ઉદગારમાં વાસ્તવિકતા અને પોતાના કર્મો પ્રત્યેની સચોટ સજાગતાનો સમાવેશ થાય છે. સજાગતાભેર ધંધો, બનાવટ, ખોટો પ્રેમ, પૈસાની કમાણી અને અંતે ભાગ્યની વિવશતા અને ભાગ્યને દોષારોપણ કરનારી આ વેશયાનું જીવન અન્ય વેશ્યા કરતાં ઘણું વિલક્ષણ છે. તેના આત્મકથાના મુસાદ્દાનો અંતનો ઉપકારક ઉદગાર આ પ્રમાણેનો છેઃ "હે મૂર્ખ વેશ્યા, કદી એ ભ્રમમાં ન રહેજે કે કોઈ તને દિલથી ચાહશે. તારો યાર આજે ભલે તારી ઉપર પ્રાણ ન્યોછાવર કરતો હોય, પણ ગણતરીના દિવસોમાં તને તરછોડી મૂકશે. તારો અને એનો સંઘ કાશીએ પહોંચવાનો નથી." (પૃ.૨૯૪)

અંતે તે કહે છેઃ "મારી આશા છે કે મારી આત્મકથા ઉપકારક નીવડશે." (પૃ.૨૯૪)

"હે જીન્દગી, નજીક છે દી મોતનો કદાચ, તુઝથી હવે ધરાઈ ગયું મન, બહુ થયું." (પૃ.૨૯૪)

આ આત્મકથાનક (memoir) દ્વારા આપણને એક વિલક્ષણ નારીનું વેશ્યા તરીકેનું પાત્ર જોવા મળે છે. જે સમાજ જ નહીં વેશ્યાઓના સમાજમાં રહેતી સ્ત્રીઓ કરતાં અનેક ઘણું જુદું છે. આ નવલકથા સંદર્ભે ભોળાભાઈ પટેલ રાલ્ફ રસેલના મત ઉપરથી કહે છે કેઃ "પ્રથમ પુરુષમાં કહેવાતી આ કથામાં ઉમરાવ એક કળાવિદગ્ધ ચતુર તવાયફ તરીકે જ નહીં, એક સંવેદનપ્રવણ, વિશ્લેષણાત્મક બુદ્ધિપ્રતિભાસંપન્ન અને આત્મસભાન વ્યક્તિ તરીકે એવી રીતે પ્રકટે છે કે વાચક એનું 'રંડી' હોવું કે વેશ્યા હોવું એ વાતને પણ ઉમરાવની તરફદારીની રીતે જુએ છે."૨ સજાગ, વૈચારિક માનસિકતા દ્વારા ચિંતન-મનન અને આત્મપરિક્ષણ કરતી આ નારી છબી દ્વારા મિર્ઝા રુસ્વા તેની ચારિત્ર્યગત નૈતિકતા પર અને તેની સામે પુરુષોની ચારિત્ર્યગત નૈતિકતા પર પ્રશ્ન

ઉઠાવી નવલકથાને અંતે ઉત્તર આપવાનો પ્રયત્ન કરે છે. જે ઉમરાવજાનના આત્મકથાનકના અંતભાગમાં તેના ઉદગારો દ્વારા જોવા મળે છે. નવલકથામાં પ્રયોજાયેલ રાંડ, વેશ્યા, તંબૂવાળી, ગદાઈ, કસબણ, વારાંગના, રૂપજીવિનીઓ જેવા શબ્દો અને તેની સાથે જોડાયેલ સામાજિક રૂઢિગત સંદર્ભોના માળખામાંથી બહાર આવીને જુદી પડતી ઉમરાવજાનની નારીછબીની અહીં તપાસ કરી છે. તેના પાત્ર સંદર્ભે બિપિન આશરનો મત યોગ્ય જણાય છે: "ભાગ્ય પર દોષારોપણ અથવા ઉત્કર્ષ માટે કોઈ ચમત્કારની પ્રતિક્ષા કરવી બરાબર નથી. ભાગ્ય કરતાં પુરુષાર્થ અને શ્રધ્ધા કરતાં બુદ્ધિ પર વધારે વિશ્વાસ રાખવાથી આવી પડેલી પરિસ્થિતીમાંથી બહાર નીકળી શકાય છે. સર્જકે અપહ્રત થયેલી અને વેશ્યાગૃહમાં વેચાયેલી ઉમરાવજાનની આપવીતી દ્વારા આ જ સંદેશ-વિચારને વહેતો મૂક્યો છે."૩

## ૮.૩ 'ઉમરાવજાન અદા' – ઉર્દુ નવલકથામાં ગૌણ નારી છબીનો ભ્યાસ:-

'ઉમરાવજાન અદા' નવલકથામાં ગૌણ નારી પાત્રોમાં ખાનમસાહેબ, બિસ્મિલાહજાન, ખુરશીદજાન, અમીરનજાન, રામદઈ (બેગમ), ઉમરાવજાનની માં, પત્ની, પડોશણ અને બુઆનો સમાવેશ થાય છે. આ ગૌણ નારીપાત્રોનો ઉલ્લેખ ઉમરાવજાનના કથનકેન્દ્ર વડે થયો હોઈ આ નારીપાત્રોની છબી અહીં ઉમરાવજાનના દષ્ટિકોણ અંતર્ગત વિકસી છે.

ખાનમસાહેબ એ વેશ્યાઓને તાબામાં રાખતું મુખ્ય પાત્ર છે. જે અન્ય વેશ્યાઓની જેમ જ વેચવા આવતાં પુરુષો પર પાપનો ટોપલો ઢોળી છોકરીઓને વેચાતી લે છે. મૌલવી સાહેબ સાથે તેમના અનૈતિક સંબંધ છે. ઉમરાવજાન અને અન્ય વેશ્યાઓને બજાર અને ધંધા માટે તૈયાર કરતું આ પાત્ર છે. જે પ્રસંગોપાત પોતાનું પાત્ર ભજવે છે.

બિસ્મિલ્લાહજાન ખાનમસાહેબની દીકરી છે. મુખ્ય રૂપજીવીનીઓમાં તેનું નામ છે. પ્રખ્યાત એવી બિસ્મિલ્લાહખાન એક કુશળ વેશ્યા છે જે પુરૂષોને જાળમાં ફસાવી ધંધો કરવો સારી રીતે જાણે છે. જેના માટે તે નવાબ છબ્બન જેવા પુરુષને ધોખો આપતાં અચકાતી નથી.

બુઆ હુસૈની એ વેશ્યાઓની દેખભાળ કરતું પાત્ર છે. તેઓના શિક્ષણ, વર્તાવ અને ખાનપાનનું ધ્યાન રાખનાર બુઆ હુસૈની શરૂઆતમાં ઉમરાવજાનને મા જેવો પ્રેમ અને સંભાળ આપે છે. છેવટ સુધી તે ઉમરાવજાનની દરકાર કરે છે.

આ ઉપરાંત, અમીરનજાન, ખુરશીદજાન, રામદઈ (બેગમ) નસીબણ કસબણ, અકબરલીખાનની માં, પત્ની અને બુઆ, કરીમની સાસુ વગેરે અતિગૌણ પાત્રો છે. જે નવલકથામાં પ્રસંગોપાત નાના વળાંકો સરજવામાં જવાબદાર બને છે.

## ૮.૪ ઉપસંહાર:

‘ઉમરાવજાન અદા’ નવલકથા દ્વારા મિર્ઝા રુસવા આપણને આઝાદી પૂર્વેના લખનૌમાં ચાલતાં વેશ્યાબજારની વારાંગનાઓની સૃષ્ટિનો પરિચય કરાવે છે. તે સમયનો પરિવેશ ૨૧મી સદીના  પરિવેશ કરતાં તદ્દન જુદો છે. તે સમયે આ પ્રકારની રૂપજીવીનીઓ સાથેનો સંપર્ક-સંસર્ગ એ ‘શાહી’ ગણાતું. તેના કારણે ભદ્ર સમાજના લોકો આ પ્રવૃત્તિમાં જોડાતા હતાં. તે શાહીપણા (glorified)ની સૃષ્ટિને આજે સ્થાન નથી. આજે વેશ્યાપ્રવૃત્તિને નિમ્ન કક્ષાની ગણવામાં આવે છે. ‘Escort’નો નવો વિચાર વિકસ્યો છે, જેમની પાસે ધની લોકો પૈસા ખર્ચીને પોતાની વાસનાઓને સંતોષે છે.

‘ઉમરાવજાન અદા’નું મુખ્ય પાત્ર ઉમરાવ જન્મથી જ વેશ્યાવૃત્તિ સાથે સંપર્ક નથી ધરાવતું, તેથી એક વ્યક્તિ તરીકે જીવન પ્રત્યે તેની સજાગતા તેના માહોલમાં જીવનારી અન્ય સ્ત્રીઓ કરતાં વધુ છે. આ ઉપરાંત, મુસ્લિમ સમાજની રીતિને પણ આ નવલકથામાં સમાવેશ કરાયો છે. જેમાં

નવાબોની દુનિયા દ્વારા પુરુષોની માનસિકતા છતી કરવામાં આવી છે. વેશ્યાવૃત્તિના ધંધાને પેદા કરનાર પણ પુરુષસત્તાક તંત્ર જ છે. તારાબાઈ શિંદેનો મત આ સંદર્ભે યાદ આવે. સ્ત્રીને ઉપભોગના સાધન તરીકે જોનાર પુરુષો જ આ ધંધાને આજના સમય સુધી વધુ પ્રોત્સાહન આપે છે. પણ સ્ત્રીઓને ધનની લાલસા જાગે છે, તે પાછલી ઉંમર સુધી ટકતી નથી. તેના અન્ય ફળ પણ તેને ભોગવવા પડે છે. જેમ કે, એઇડ્સ જેવા STD રોગોનો ફેલાવો, સંતાનનો જન્મ જેનો કોઈ પિતા નથી, પાછલી ઉંમરમાં શરીર ક્ષીણ થઈ જતાં મળતો ધુત્કાર વગેરે. ઉમરાવનું પાત્ર આ સર્વ તકલીફોનું જાણકાર છે. તેથી જ આ પાત્ર વેશ્યા સમાજમાંથી આવતું હોવા છતાં અંતે ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરે છે. આવું વિલક્ષણ પાત્ર ઉર્દુ ભાષાની આ નવલકથાને ઉચ્ચ કોટીની બનાવે છે.

## ૮.૫ સંદર્ભઃ

૧. ભારતીય નવલકથા, બિપિન આશર; ડિવાઇન પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ,૨૦૧૧; પૃ. ૯૩

૨. નવલકથાઃ સ્વરૂપ અને વૈવિધ્ય, સંપાદકઃ શિરીષ પંચાલ; અરુણોદય પ્રકાશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૪; પૃ.૫૩૦

૩. ભારતીય નવલકથા, બિપિન આશર; ડિવાઇન પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ,૨૦૧૧; પૃ. ૧૦૮